# પઝલનો માણસ

**(લઘુકથાઓ)**

–પ્રતીભા ઠક્કર

## ૧. સ્ત્રીયાર્થ(મહીલાર્થ)

ફીઝીયોથેરાપી સેન્ટરમાં આવતાં ચીન્ટુ અને તેની મમ્મી સમય પુરો થતાં સંકેલો કરવા લાગ્યાં. બહારના દરવાજા પાસે પપ્પાને જોતાં જ ચીન્ટુના ચહેરા પર આનન્દની લહેર ફરી વળી. ડૉક્ટરને બાય બાય કરવા ચીન્ટુની મમ્મી નીતાએ ચીન્ટુનો હાથ ઉંચો કરાવ્યો.

પાંચ વરસથી દીકરા માટે મહેનત કરતી મમ્મી માટે ડૉક્ટર પારેખને ખુબ જ માન હતું. ડૉક્ટરે ચીન્ટુને રમાડતાં કહ્યું, ‘ બેટા, તું કોનો દીકરો ? મમ્મીનો કે પપ્પાનો ?’ ચીન્ટુના પપ્પાએ પોતાના ખીસામાંથી ચૉકલેટ કાઢી ચીન્ટુને બતાવી. ચીન્ટુએ પપ્પા તરફ જોઈ હાથ ચીંધવાનો પ્રયત્ન કર્યો.

તેની મમ્મી વીચારમાં પડી ગઈ કે વીકલાંગ દીકરો હજી નાનો હતો, નાસમજ હતો, છેલ્લાં પાંચ વરસથી સેન્ટરમાં આવી પોતે તેને કાળજીપુર્વક કસરત કરાવતી હતી. લગ્ન બાદ જ્યારે થોડા સમયમાં જ મા બનવાની હતી ત્યારે તે કેટલા અરમાન સાથે પોતાના આવનાર સંતાન વીશે વીચારતી હતી ! પણ પ્રારબ્ધ...! તે હચમચી ગઈ. બાળક મલ્ટીપલ ડીસેબલ હતું. હવે તેનું જીવન જ બદલાઈ ગયું.

જીવનમાંથી રસ જ ઉડી ગયો જાણે. તેવામાં તેને આ સેન્ટરની જાણ થઈ ત્યારે ત્યાં આવી અને પ્રયત્નમાં લાગી ગઈ. ડૉક્ટરે કહ્યું કે પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ ચડીયાતો છે. અને તેના જીવનનો હેતુ જ બદલાઈ ગયો. તે ચીન્ટુમય બની ગઈ.

પણ આજે જ્યારે ચીન્ટુએ પપ્પા તરફ આંગળી ચીંધવાનો પ્રયત્ન કર્યો ત્યારે ‘પુરુષાર્થ’ શબ્દ વીશે તે નવેસરથી વીચારવા મજબુર બની, કે ચૉકલેટ દેખાડી અને બે મીનીટ માત્ર હસાવવાની ફરજ બજાવતો પતી અને પોતે પાંચપાંચ વર્ષથી નીરંતર ભક્તની અદાથી ફરજ બજાવતી એક સ્ત્રી, એક મા, કે જેની ફરજ માટે ‘પુરુષાર્થ’ શબ્દ વપરાય ખરો ?

શું હું આ દેશ કે જ્યાં જગદંબાના રુપમાં સ્ત્રીની પુજા થાય છે, એ દેશમાં મારી મહેનતને માટે હું ‘પુરુષાર્થ’ શબ્દને બદલે ‘સ્ત્રીયાર્થ’ કે ‘મહીલાર્થ’ શબ્દ ન વાપરી શકું ?

કે પછી નારીપુજાના માહાત્મ્યવાળા પાખંડી સમાજમાં સ્ત્રીએ બજાવેલી ફરજ સમજથી કે નાસમજથી નગણ્ય જ ગણાય છે ?

## ૨. એક દીવસની સેલીબ્રીટી

તેઓ સો ટકા સાક્ષરતાની યોજના હેઠળ પ્રથમ આવનાર સંસ્થાનાં ચેરપર્સન હતાં. સંસ્થાનું કાર્યફલક શહેરમાં વીસ્તરેલું હતું. સરકારી–અર્ધસરકારી યોજનાઓના ગ્રાન્ટેડ પ્રોગ્રામ મેળવવામાં તેઓ માહેર હતાં.

આજે શીક્ષણમંત્રીના હસ્તે ઍવૉર્ડ વીતરણ સમારંભ હતો. શીક્ષણ મંત્રી સાથેનો ભોજનસમારંભ તેઓ મહામહેનતે પોતાના ઘરે ગોઠવી શક્યાં હતાં.

ભોજનસમારંભ શરુ થયો. શહેરની નામાંકીત હસ્તીઓ આવવા લાગી. દુર ખુણામાં બેઠેલી એક જોશીલી પત્રકારે પોતાની ધારદાર નજરે પાણી આપવાથી માંડીને વાસણ સાફ કરવા સુધીની જગ્યા, માણસો, આખું ઘર બધું માપી લીધું.

સમારંભમાં પ્રશંસાનાં પુષ્પો વેરાયાં અને ખુશીના માહોલ વચ્ચે મીસીસ ભટ્ટે મંત્રીશ્રીની ખુશામત કરીને નવી ગ્રાંટો મેળવવાની ખાતરી પણ મેળવી લીધી.

અભીનન્દનની વર્ષાઓ થઈ. તે પત્રકાર ઉભી થઈ અને મીસીસ ભટ્ટને અભીનન્દન આપી પોતાના કૅમેરામૅન સાથે વાસણ માંજતી છોકરી પાસે જઈ પહોંચી. અને વાતચીત શરુ કરી.

‘મને તો નીશાળે જવું બહુ ગમે, બુન; પણ આ મોટાં દીદી છે, તે મારી માને ખીજાય. મારે જ અહીં કામ કરવાનું. એમને બીજા કોઈનું કામ નહીં ફાવતું.’ પત્રકારે ઈન્ટરવ્યુ લઈ લીધો અને તે છોકરીને ‘કાલે તું ટીવીમાં દેખાઈશ’ કહી ચાલી ગઈ.

બીજા દીવસે તેની ચૅનલમાં આ આખાયે કાર્યક્રમનું પ્રસારણ થયું. નાનકડી સકુનો ઈન્ટરવ્યુ પણ પ્રસારીત થયો. સકુ જાણે કે એક દીવસની સેલીબ્રીટી બની ગઈ !

## ૩. ભુખ

આજે છોકરીઓની કૉલેજમાં ‘ચારીત્ર – સ્ત્રીની સાચી મુડી’ એ વીષય પર તેને વક્તવ્ય આપવા જવાનું હતું. તે માટે તે ઑફીસનું કામ વહેલું પતાવી ઘરે આવી ગઈ હતી. કાર્યક્રમમાં જવાને હજી એકાદ કલાકની વાર હતી. તે આરામ કરતાં કરતાં મેગેઝીનનાં પાનાં ઉથલાવતી હતી ત્યાં દરવાજા–ઘંટી રણકી. બારણું ખોલી જોયું તો ગામડેથી આવેલી શાન્તુ, લઘરવઘર વસ્ત્રો, કાયમ જ મદદ માંગવા માટે લંબાયેલો હાથ અને આંગળી પકડી ઉભેલાં અર્ધનગ્ન બાળકો !

તેણે તે લોકોને પાણી આપી, સાથે આવેલાં છોકરાંઓને થોડો નાસ્તો આપ્યો. તે વીચારતી હતી કે, સરકાર પણ ખરી છે ! યોજનાઓ અને ઉદ્ ઘાટનોનાં નાટકોમાંથી બહાર આવતી નથી. અધીકારીઓ કામ કરવાને બદલે ચાંપલુસીમાંથી ઉંચા આવતા નથી. આ બીચારી પેન્શનના હક્ક મેળવવા માટે કેટલાયે ધક્કા ખાય છે. આ પ્રશ્ન હવે એના હાથમાં આવ્યો હતો. તેને લઈને તેના સમ્બન્ધીત ખાતાના અધીકારીને મળવા તે ગઈ. આ પહેલાં પોતે પણ બેત્રણ ધક્કા ખાઈ ચુકી હતી અને અમલદારશાહીનાં કડવાં ઘુંટ પી ચુકી હતી. પણ આ વખતે મક્કમ નીર્ધાર સાથે જરુરી કાગળો પહોંચાડ્યાની પહોંચ રજુ કરી અને તેણે અધીકારી સામે જોયું. અધીકારીએ શાન્તુને બહાર બેસવા કહ્યું અને બોલ્યો, ‘બહેન, તમારા જેવા આવે એટલે અમે કહી ન શકીએ; પણ આ બાઈ તો રેલવેના પાટા પાસે આવેલ ઝુંપડામાં રહી, રાત્રે ધન્ધો....’

તેણે એક ધારદાર નજરે તે અમલદાર સામે જોયું. તે આગળ બોલી શક્યો નહીં. તે ઉભી થઈ. અમલદારને તેણે તાત્કાલીક કામ પતાવવાની કડક તાકીદ કરી. ચેમ્બરની બહાર નીકળતાં ગુસ્સામાં બારણું ખોલવા જતાં બારણું અફળાયું. બહાર શાન્તુ બારણાને અડકીને જ ઉભી હતી એટલે તેને વાગ્યું હોય એમ વીચારી તે બોલી, ‘ શાન્તુ, કપાળમાં વાગ્યું તો નથી ને ?

શાન્તુ બોલી, ‘બહેન, આ કપાળમાં તો આ ઘા કરતાંયે કેટલાયે ઘા લાગી ચુક્યા છે. મેં સાહેબની વાત સાંભળી છે. પણ હું શું કરું ? પેટનાં છોકરાંવને ભુખ્યાં વલવલતાં જોઈ નો’તી શકતી. એની ભુખ ભાંગવા જ આ સાઈબોની ભુખ....’

તેણે આંગળીથી શાન્તુને ચુપ રહેવા ઈશારો કર્યો. તેની લાચાર નજરને તે તાકી રહી અને વક્તવ્ય આપવા જવાનું તેણે માંડી વાળ્યું.

## ૪. ભારત માતાકી જય

ચોતરફ જયઘોષ સંભળાતો હતો. ભારત માતાની જયનો નારો મનીયાના કાનને ફાડી નાખતો હતો. તે પોતાની સાઈકલને ઝડપથી પેડલ મારવાનો વ્યર્થ પ્રયત્ન કરતો હતો. તે બીમાર મા માટે દવા લઈ ઝડપથી પહોંચવાની વેતરણમાં હતો ત્યાં જ પોલીસે તેની સાઈકલ અટકાવી.

‘મંત્રીશ્રી અહીંથી નીકળવાના છે. ચલ, હટ અહીંથી’ કહી લાકડી તેના હાથ પર મારી. વેદનાથી તેના મગજમાં તમરાં બોલી ગયાં. આંખમાં આવી ગયેલાં આંસુ સાથે તે માંડ માંડ

બોલ્યો, 'સાહેબ, મારી બા બીમાર છે. ડૉક્ટરે ઈન્જેક્શન લેવા મોકલ્યો છે. સમયસર નહીં પહોંચું તો....'

'તો તારી માની જય બોલી જશે, એમ જ ને ? એ તો છુટશે દોજખની આ જીન્દગીમાંથી; પણ મારી નોકરી છુટશે તો ? મારાં બૈરી છોકરાંને તું સાચવીશ ? ચલ, ભાગ અહીંથી !' તે બાપડો કરગરવા લાગ્યો; પણ પોલીસવાળાએ એને જવા જ ન દીધો. સાઈકલની આગલી સીટ પર બેઠેલો એનો નાનો છોકરો રડી રહ્યો હતો. તે તો નાનકડી અણસમજુ નજરે બાઘો બનીને જોતો જ રહ્યો !

એવામાં મંત્રીશ્રીનો કાફલો પસાર થયો. અભીવાદન ઝીલતા મંત્રીશ્રીએ તે નાના છોકરાને માથે હાથ ફેરવી તેના હાથમાં એક ફુલ મુક્યું. ટોળામાંના લોકો મંત્રીશ્રીનો જયઘોષ કરવા લાગ્યા. રસ્તો ખુલ્લો થઈ ગયો. તે ઝડપથી ઘરે પહોંચ્યો.

ઘરના બધા તેની સામે એવી રીતે જોવા લાગ્યા કે જાણે તે ગુનેગાર હોય. તેણે છોકરાના હાથમાંથી ફુલ લઈ માના ચરણમાં મુક્યું.

અને ભારતની બેહોશ પ્રજાના પ્રતીક સમો આ અદનો શ્રમીક તેની મૃત્યુ પામેલી માતાનાં ચરણોમાં બેહોશ થઈ ઢળી પડ્યો.

## ૫. ખોટો દાખલો

'મમ્મી, જો તો ખરી, એક સીલી મીસ્ટેકને કારણે આખો દાખલો ખોટો પડ્યો ! આખી મેથડ સાચી છે એના માર્ક્સ તો મળવા જોઈએ ને ?

'એમ માર્ક્સ ન મળે બેટા, જવાબ ખોટો છે કે નહીં ?

કાવ્યાએ પોતાના કાન પકડીને ભુલ કબુલ કરી. 'એ પણ ખરું; પણ મેથડ ?

કૃપા ભુતકાળમાં સરી ગઈ. પોતે પણ જીન્દગીનો દાખલો ગણવામાં ભુલ કરી બેઠી હતી. કૃપાની પાત્ર–પસંદગી લોકનજરે તો બરાબર હતી. દુનીયાની દૃષ્ટીએ કોઈ સમસ્યા હતી જ નહીં. છતાં ક્યાંક કશુંક ખુટતું તો હતું જ.

સ્વતંત્રતા હતી, સમૃદ્ધી હતી; પણ સમાન રસ ન હતા.

વહેતી સરીતા જેવી કૃપા અને ધુઘવતા સાગર જેવા કમલ વચ્ચે સરીતા–સાગર જેટલું અંતર હતું. વીચારો એક; પણ વહેવાની પ્રક્રીયા અલગ. જાણે બધું જ અલગ પડતું હતું. બહારથી કોઈ જ તોફાન નહીં. પણ...

'આજે આપણી ક્લબે યોજેલ બેસ્ટ કપલ કૉમ્પીટીશન માટે આપણે પણ ફોર્મ ભરવાનું છે' એમ કમલ સવારે કહીને ગયેલો. પણ સાંજ સુધી કૃપાએ એમાં રસ જ નહીં દાખવ્યો.

તેને થતું જીન્દગીના દાખલાની મેથડ તો સાચી; પણ જવાબ ખોટા આવે છે. શા માટે ફોર્મ ભરવું ?

## ૬. કુન્ડળીકથા

'જન્મના અક્ષર ભલે ન મળે; પણ અમારાં મનની લાગણીઓના અક્ષરો–વીચારો તો મળે છે !' આકાશે સંયમીત સ્વરમાં પપ્પા સાથે દલીલ કરતાં કહ્યું. તેની મમ્મીએ પણ આકાશની વાતમાં સુર પુરાવ્યો. માન્યતાઓના પુર્વગ્રહથી ઘેરાયેલા આકાશના પપ્પા કોઈની વાત માનવા તૈયાર ન હતા.

ભુમી સાથેના સમ્બન્ધોને આકાશ ભુલવા નહોતો માગતો. તેને એ વાતની સમજ નહોતી પડતી કે પોતાના પપ્પા સાયંસ ફેકલ્ટીના હોવા છતાં આવું કેમ માનતા હશે ? લાગણીના ધબકાર પર માની લીધેલ માન્યતાઓએ વીજય મેળવ્યો.

'નો, મીન્સ નો' કહી પપ્પાએ વટહુકમ જારી કર્યો.

'આ છોકરી અમને તો નહીં સાચવે; પણ તારી જીન્દગી પણ બરબાદ થઈ જશે.' આકાશ અને ભુમીનું મીલન અશક્ય બન્યું.

તેના પપ્પાએ પોતાની જ્ઞાતીમાંથી આકૃતીને શોધી કાઢી. અને તેની જન્મકુંડળી મેળવીને આકાશને પરણાવી દીધો.

જન્માક્ષર તો મળ્યા; પણ જીવન જીવવાની સમજશક્તી, પ્રેમ, કુટુમ્બભાવના જેવી એક પણ સુરેખ આકૃતી આકાશના જીવનમાં આકૃતીએ ન દોરી. તેનાં લગ્ન પછી ટુંકા ગાળામાં જ મમ્મીનું અવસાન થયું. એકલવાયા પડેલા પપ્પાને આકૃતીના વર્તનને કારણે, વૃદ્ધાશ્રમમાં મુકવાની ફરજ પડી. વીચારોની ગડમથલ સાથે બાપ–દીકરો બન્ને વૃદ્ધાશ્રમ પહોંચ્યા. ઑફીસમાં નામ રજીસ્ટર કરવા ગયા ત્યારે મુખ્ય ખુરશી પર બેઠેલી સંચાલીકા પર નજર પડતાં જ પીતા–પુત્રના પગ ત્યાં જ થંભી ગયા !

પણ ભુમી ઉભી થઈ અને આકાશના હાથમાંથી તેના પપ્પાનો હાથ થામી લીધો.

–પ્રતીભા ઠક્કર (ભાવનગર)

લેખીકાના લઘુકથા–સંગ્રહ **‘પઝલનો માણસ’** (**પ્રથમ આવૃત્તી** – 2008, **પૃષ્ઠ સંખ્યા** – 60, **કીંમત** – રુપીયા 50, **પ્રકાશક** – ‘નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, **અમદાવાદ**–380 001 **ફોન**– 079-2213 9253/ 2213 2921)માંથી સાભાર...

**સંપર્ક – પ્રતીભા ઠક્કર,** 118–ઠક્કર ઍડવોકેટ્સ, કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર– 364 003 **ફોન– 0228-220 3366** **મોબાઈલ -99 25 00 73 63**

*(વાચકોને સંબોધીને લેખીકાએ લખેલી **‘મારી વાત’**માં તેઓ લખે છે કે, ‘ભાષા માટે ચાલતા ‘ઉંઝાજોડણી’ના આ અભીયાનમાં સામેલ થઈ, હ્રસ્વ–દીર્ઘ ‘ઈ–ઉ’ની મથામણમાં પડ્યા વગર લોકોનાં દીલ સુધી પહોંચવા માટે આ સરળ શૈલી મેં અપનાવી છે.’*

*આમ, લેખીકાએ પોતાના પ્રથમ પુસ્તકથી જ, ક્રાંતીકારી કથાબીજ અને કથનશૈલી જ નહીં; ઉમદા લેખનરીતી પણ અપનાવી છે.. ધન્યવાદ અને સ્વાગત છે સાહીત્યજગતમાં પ્રતીભાબહેનનું દીલથી...**‘સ.મ.’ સંપાદકો.)***

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ** પાંચમું **– અંકઃ 180 – December 06, 2009**
**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com**

♦●♦●♦●♦

## ‘લોકકોશ’

♦ ‘લોકકોશ’ એ ગુજરાતીભાષામાં બોલાતા–લખાતા શબ્દો, જે માન્ય શબ્દકોશોમાં હાલ ઉપલબ્ધ નથી, તેનો સંગ્રહ કરવાનો ઉપક્રમ છે. ઉદાહરણ તરીકે **'આંગણવાડી'** અને **'રણનીતિ'** આવા શબ્દો છે, જે ‘શબ્દમિત્રો’એ મોકલ્યા અને અમે તે લોકકોશમાં સંઘર્યા છે.

♦ આપ કેવી રીતે લોકકોશ માટે આપનો શબ્દ મોકલી આપનો ફાળો આપી શકો ?

♦ આપ કેવી રીતે અમારા ‘શબ્દમિત્ર’ બની શકો ?

♦ આપના આ બધા પ્રશ્નોનો જવાબ મેળવવા માટે લોકોનો, લોકો માટે અને લોકો દ્વારા તૈયાર થઈ રહેલા આ નવીનતમ શબ્દભંડાર 'લોકકોશ'ની http://lokkosh.gujaratilexicon.com પર મુલાકાત લો..

♦ લોકકોશના 'શબ્દમિત્ર' બનવું અત્યંત સરળ છે. લોકકોશના શબ્દમિત્ર બનવા માટે નીચે જણાવેલ લિંક ઉપર ક્લિક કરો..
http://lokkosh.gujaratilexicon.com/index.php?action=register

♦ લોકકોશમાં શબ્દફાળો કેવી રીતે આપી શકાય તે જાણવા માટે નીચે જણાવેલી લિંક પર ક્લિક કરો..
http://lokkosh.gujaratilexicon.com/help/Lokkosh-How_To_Add_Word.pdf

♦ લોકલાગણીને માન આપીને લોકકોશ દ્વારા પ્રયોજવામાં આવેલ 'શબ્દસ્પર્ધા'ની તારીખ લંબાવીને ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ કરવામાં આવી છે.

♦ વધુ માહિતી માટે નીચે જણાવેલી લિંક પર ક્લિક કરો..
http://lokkosh.gujaratilexicon.com/index.php?action=contest

♦ લોકકોશના લોકાર્પણની વધુ માહિતી આપ નીચે જણાવેલ લિંક પરથી મેળવી શકશો.. http://lokkosh.gujaratilexicon.com/index.php?action=media

♦ 'ગુજરાતીલેક્સિકોન', 'ભગવદ્ગોમંડલ' અને 'લોકકોશ'ની સાઇટનું સંપૂર્ણ સંચાલન અમદાવાદ સ્થિત Infineon Infotech Pvt. Ltd (IIPL) દ્વારા કરવામાં આવે છે..

♦ IIPLએ એક નવીન વિચારો ધરાવતી સૉફ્ટવેર એપ્લિકેશન ડેવલપમેન્ટ કંપની છે, જે વેબ એપ્લિકેશન, ડિજિટાઇઝેશન, લોકલાઇઝેશન અને બિઝનેશ સપોર્ટ સર્વિસ જેવાં ક્ષેત્રોમાં વિશેષ કૌશલ્ય ધરાવે છે. અમે અમારા કલાયન્ટની જરૂરિયાત સમજી, તેમના માટે શ્રેષ્ઠ ઉપાય શોધી, તેમની માંગને સંતોષવાનો સંકલ્પ ધરાવીએ છીએ. IIPL એ શ્રેષ્ઠતા અને નવીનતા માટે અનંત શક્યતાઓ પૂરી પાડવા વચનબદ્ધ છે..

♦ વધુ માહિતી માટે આપ અમારી વેબસાઇટ **http://www.infineoninfotech.com** ની મુલાકાત લઈ શકો છો અને અમારો **info@infineoninfotech.com** પર સંપર્ક પણ કરી શકો છો..

●●●

# અને છેલ્લે...

*‘પ્રતીભાબહેનને મુળ રીતે રગશીયા ગાડાની જેમ ચીલાચાલુ રસ્તે ચાલતા સમાજને જોઈને, તે બદલાય–પલટાય તેવી ખ્વાહીશ છે, તમન્ના છે, આશા છે અને તે દીશામાં વાચકો વીચારતા થાય એટલે તેમણે પતી–પત્ની, સંતાનો અને માતા–પીતાના સંબંધોથી માંડી ભૃણહત્યા, સાહીત્યના કાર્યક્રમો, ખાનગી શીક્ષણ વ્યવસ્થા અને ગરીબી, જન્માષ્ટમી જેવા પરંપરાગત તહેવારો, ઉદ્યોગો અને શ્રમજીવીઓથી લઈ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓના સ્થાન લગીના પ્રશ્નો આ ત્રીસ લઘુ કથાઓમાં સમાવેલા છે.*

*એક સ્ત્રી વાર્તાકારની દૃષ્ટીએ લખાયેલી આ લઘુકથાઓને જોઈએ તો તેમાં સમાજમાં સ્ત્રીઓની સ્થીતી શટલકૉક જેવા પ્રતીક દ્વારા નીરુપી છે અને પુરુષપ્રધાન સમાજમાં રુઢ થયેલા પુરુષલક્ષી શબ્દોને પણ અહીં લેખીકા પ્રતીભા ઠક્કરે પડકાર્યા છે. ‘સ્ત્રીયાર્થ’ નામની માર્મીકકથામાં લેખીકાએ સમાજમાં સ્ત્રીઓની થતી ઉપેક્ષાને લઈ સવાલ કર્યો છે કે શું ‘પુરુષાર્થ’ જ શબ્દ ? ‘સ્ત્રીયાર્થ’ કે ‘મહીલાર્થ’ શબ્દ કેમ નહીં ?*

***–મનીષી જાની***

*લેખીકાની પુસ્તીકા **‘પઝલનો માણસ’**ને મળેલી **શ્રી. મનીષી જાની** (manishijani@gmail.com)ની **‘પ્રસ્તાવના’**માંથી સાભાર...ઉત્તમ ગજ્જર*

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ પાંચમું – અંકઃ **180 – December 06, 2009**
‘**ઉંઝાજોડણી**’માં અને ‘**શ્રુતી**’ ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - **uttamgajjar@gmail.com**

♦♦♦♦♦♦♦♦♦♦♦♦